ગોઢકુલ્લા બ્લાસ્ટ : હેન્ડ ગ્રેનેડથી બ્લાસ્ટ થયાનો એફ.એસ.એલ. રિપોર્ટ, મૃતક સહિત બે સામે ગુનો

આદિવાસી વિસ્તારમાં હેન્ડ ગ્રેનેડ મળી આવતાં સુરક્ષા એજન્સીઓ સતર્ક, સ્થાનિક પોલીસ ઉંઘતી ઝડપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

ભિલોડા તાલુકાના શામળાજી નજીકના ગોઢકુલ્લામાં પ્રચંડ બ્લાસ્ટથી મકાન માલિકનું મોત નિપજ્યા પછી ગંભીર ઈજાગ્રસ્ત નાની બાળકીનું પણ મોત નિપજ્યું હતું. મૃતક રમેશ લાલજીભાઈ ફણેજાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે અમદાવાદ મોકલવામાં આવ્યો હતો જેમાં ગ્રેનેડ બ્લાસ્ટથી મોત નિપજ્યાનું બહાર આવતાં અરવલ્લી એસ.ઓ.જી.એ મૃતક સહિત તેના મિત્ર વિનોદ ઉર્ફે ભથ્થો શકરા ફણેજા (રહે.ગોઢકુલ્લા) વિરૂદ્ધ આમ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પરંતુ રાજસ્થાન નજીક આવેલા બોર્ડર પર આદિવાસી વિસ્તારમાં હેન્ડ ગ્રેનેડ કેવી રીતે આવ્યો..?? તેને લઈને સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ છે. આ વિસ્તારમાં અન્ય હેન્ડ ગ્રેનેડ સંતાડી રાખવામાં નથી આવ્યા ને..?? તે દિશામાં પણ તપાસ કરવી પડશે અન્યથા મોટો અનર્થ થઈ શકે છે.

પાછલા એક દાયકાથી અરવલ્લી જિલ્લાની સરહદ પરના ગામોમાં વિસ્ફોટક સામગ્રી, ગેરકાયદે હથિયારોની હેરાફેરી સામાન્ય વાત બની ગઈ છે. પોલીસ વર્ષે ૨-૩ કેસ દેખાડી વાઘ માર્યાનો સંતોષ માને છે પરંતુ સરહદ પરના ગામોમાં અનેક ભેદી લોકોની હીલચાલ શંકા પ્રેરતી હોય છે. તાજેતરમાં જ ગોઢકુલ્લા ગામે ફણેજા પરિવારના મકાનમાં બ્લાસ્ટ થતાં આસપાસના ૩ કી.મી. વિસ્તારમાં પ્રચંડ ધડાકાએ સૌને હચમચાવી દીધા હતા. ધડાકા પછી મકાન માલિક રમેશ ફણેજાના મૃતદેહના ફૂરચા ઉડ્યા હતા. પત્નિ, સંતાનો સહિત ૩ જણને ઈજાઓ પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જેમાં બનાવના બીજા દિવસે ગંભીર રીતે ઘાયલ નાની બાળકીનું મોત નિપજ્યું હતું. માત્ર સામાન્ય ડીટોનેટરનો બ્લાસ્ટ હોય તો પ્રચંડ ધડાકો ન હોય પરંતુ દેશની સરહદ ઉપર સુરક્ષા કર્મીઓ ઉપયોગ કરતા હોય તેવા દારૂગોળો (હેન્ડ ગ્રેનેડ) હોવાની શંકા હોવાથી મૃતકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેના શરીરમાંથી જે ધાતુ મળી આવી તે જોતાં હેન્ડ ગ્રેનેડ બ્લાસ્ટથી મોત નિપજ્યાનું બહાર આવતાં રાજ્ય સહિત દેશની સુરક્ષા એજન્સીઓમાં હલચલ મચી ગઈ છે. તાબડતોબ તપાસ જિલ્લા એસ.ઓ.જી.ને સોંપવામાં આવી છે અને મૃતકના વોટ્સએપ ગૃપમાં જે ફોટા જોવા મળ્યા તે જોઈને પૂરવાર થયું છે કે લશ્કર દ્વારા ઉપયોગમાં લેવાતા ગ્રેનેડથી બ્લાસ્ટ થયેલો છે. જ્યારે મૃતક રમેશ ફણેજાએ બનાવના દિવસે ગ્રેનેડને સાણસીથી ખોલવાનો પ્રયાસ કર્યો અને પ્રચંડ વિસ્ફોટ થઈ ગયો અને પછી ગંભીર દુર્ઘટના બની. ગ્રેનેડ બ્લાસ્ટમાં ખુદ પોતે અને દિકરીનું મોત નિપજ્યું છે. ત્યારે એસ.ઓ.જી. પોલીસે શામળાજી પોલીસ સ્ટેશનમાં મૃતક સહિત ૨ જણ વિરૂદ્ધ ગેરકાયદે દારૂગોળો ભરેલું અગ્નિશસ્ત્ર રાખવા બદલ આમ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

લશ્કરમાં ફરજ બજાવનાર કોઈ ફોજીએ હેન્ડ ગ્રેનેડ આપ્યાની આશંકા

શામળાજી નજીક ગોઢકુલ્લા ગામના ફણેજા પરિવારના ઘરમાં બ્લાસ્ટ થતાં મકાન માલિક અને તેની દિકરીનું મોત નિપજ્યું છે. ત્યારે લશ્કર દ્વારા ઉપયોગમાં લેવાતો હેન્ડ ગ્રેનેડ શામળાજી સરહદના ગામડા સુધી કઈ રીતે પહોંચ્યો તેને લઈને સ્થાનિક પોલીસ અને સુરક્ષા એજન્સીઓ માથું ખંજવાળી રહી છે. આ વિસ્તારના અનેક યુવાનો લશ્કરમાં ફરજ બજાવે છે જેથી લશ્કરમાં ફરજ બજાવનાર કોઈ ફોજીએ તો હેન્ડ ગ્રેનેડ આપ્યો નથી ને..?? તે દીશામાં સુરક્ષા એજન્સી દ્વારા તપાસ શરૂ થઈ છે. આવનારા દિવસોમાં આ મુદ્દે અનેક મોટા ધડાકા સામે આવી શકે છે.

એ.ટી.એસ. તપાસમાં જોડાઈ

જાણકાર સૂત્રો પાસેથી મળેલી જાણકારી અનુસાર શામળાજી નજીકના ગોઢકુલ્લા ગામમાં રહેણાંક મકાનમાં થયેલા બ્લાસ્ટમાં અત્યાર સુધીમાં ૨ જણના મોત નિપજ્યા છે. એફ.એસ.એલ. તપાસમાં ગ્રેનેડના બ્લાસ્ટથી મોત નિપજ્યાનું બહાર આવ્યા પછી એન્ટી ટેરરીસ્ટ સ્કવોર્ડ(એ.ટી.એસ.) તપાસમાં જોડાઈ છે. અરવલ્લી પોલીસ વડાએ પણ જણાવ્યું છે કે ગ્રેનેડ બ્લાસ્ટની ગંભીર નોંધ લેવામાં આવી છે અને ૩ જેટલી તપાસ એજન્સીઓ તેની ભીંતરમાં ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

ઉત્તર ગુજરાતના ૪૧ તાલુકાઓમાં વરસાદની હાજરી, ખેડૂતોનાં મુખડાં મલકાયાં

ધીમીધારના વરસાદથી ખેતીને ફાયદો પરંતુ જળાશયો ખાલી રહેવાની દહેશત

બાયડ તા.૦૧

ઉત્તર ગુજરાતના ૪૧ તાલુકાઓમાં વરસાદની હાજરીથી ૮ લાખથી વધુ ખેડૂતોનાં મુખડાં મલકાયાં છે. ધીમીધારના વરસાદથી ખેતીને ફાયદો થશે પરંતુ જળાશયો ખાલી રહેવાની દહેશત છે. આગામી દિવસોમાં ધોધમાર વરસાદ નહીં વરસે તો શિયાળુ ખેતી માટે સિંચાઈનાં પાણી મળવાં મુશ્કેલ થઈ શકે છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતના સરસ્વતી, ભાભર, દાંતા, ડીસા, લાખણી, સૂઈગામ, વડગામ, મહેસાણા, પોશીના, પ્રાંતિજ અને વડાલી તાલુકામાં ૧ થી ૩ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના ખેડૂતો ચાતક નજરે ભારે થી અતિભારે વરસાદની રાહ જોઈને બેઠા છે. શનિવારે વરસાદનું ધીમીધારે આગમન થયું. કેટલાક વિસ્તારોમાં મેહૂલિયો જ્યાં વરસ્યો ત્યાં અનરાધાર વરસ્યો અને કેટલાક વિસ્તારો કોરા ધાક્કોર જોવા મળ્યા પરંતુ પાછલા ૩ દિવસ દરમ્યાન ખરીફ વાવેતરને સંજીવની આપનારો વરસાદ વરસતાં ખેડૂતોએ રાહત અનુભવી છે. જે રીતે ઉત્તર ગુજરાતના આકાશમાં કાળાં ડીબાંગ વાદળોની જમાવટ જોવા મળી અને તે અનરાધાર વરસે તો પાક ઉત્પાદન વધુ થવાની સંભાવના છે. અત્યારે ઝરમરીયો અને મધ્યમ વરસાદ વાવેતર માટે ફાયદારૂપ જરૂર છે પરંતુ જળાશયોમાં ધોધમાર પાણીની આવક નહીં થાય તો શિયાળુ અને ઉનાળુ ખેતી ઉપર ખેડૂતો સંકટ જોઈ રહ્યા છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૧૩.૮૨ લાખ હેકટરથી વધુ જમીનમાં ખરીફ વાવેતર લહેરાઈ રહ્યું છે અને પાક સૂકાતો હતો ત્યારે વરસાદ વરસતાં ખેડૂતોએ ખુશાલી વ્યક્ત કરી છે.

મેઘરજના પટેલઢુંઢા નજીક ડમ્પરે બાઈકચાલકને કચડ્યો

૨૫ વર્ષના યુવાનનું કમકમાટીભર્યું મોત

મેઘરજ, તા.૦૧

મેઘરજ તાલુકાના પટેલઢુંઢા ગામ નજીક પૂરઝડપે જતા ડમ્પરે બાઈક ચાલકને કચડી નાખતાં કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. મૃતક લીંભોઈ ગામના રવિ જયંતિભાઈ દરજી હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે અન્ય એક જણને ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાના લીંભોઈ ગામના રવિભાઈ દરજી બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા તે સમયે યમદૂત બનીને આવેલા ડમ્પરે ટક્કર મારી કચડી નાખતાં ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જી વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. લીંભોઈ ગામના દરજી પરિવારના આશાસ્પદ યુવાનના મોતથી સમગ્ર પંથકમાં માતમ છવાયો છે. જ્યારે પરિવારજનોએ કરૂણ આક્રંદ કરી મૂકતાં ઉપસ્થિત લોકોએ હિબકાં લીધાં હતાં. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મેઘરજ સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં મોકલવામાં આવ્યો છે. બનાવ અંગે મેઘરજ પોલીસે ડમ્પર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભાદરવી પુનમના મેળા ઉપર સંકટ પહેલાં ભક્તોનું અંબાજી ભણી પ્રયાણ

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના માર્ગો ઉપર અંબાજી તરફ જતા પદયાત્રીઓ, જય જય અંબેના નાદ સાથે માર્ગો ગુંજ્યા

બાયડ તા.૦૧

કોરોના સંક્રમણના કારણે આ વર્ષે પણ જગવિખ્યાત અંબાજી છેલ્લા એક સપ્તાહથી અંબાજી જતા પદયાત્રીઓના કારણે ગુંજી રહ્યા છે.

ભાદરવી પુનમનો મેળો રદ થવાની સંભાવના છે. પરંતુ અનોખી આસ્થા સાથે દક્ષિણ અને મધ્ય ગુજરાતના પદયાત્રીઓ જય જય અંબેના ઘોષ સાથે અંબાજી તરફ પ્રયાણ કરતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના માર્ગો ઉપર આતંકીઓનો ડોળો હોવાનો ગુપ્તચર અહેવાલ હોવાના કારણે વ્યવસ્થા સઘન કરવામાં આવી પરંતુ પદયાત્રીઓએ આતંકીઓને પડકાર ફેંકી મોટી સંખ્યામાં જય જય ઘોષ સાથે અંબાજીમાં ઉમટી પડ્યા હતા. કોરોનાના કારણે ગત વર્ષે ભાદરવી પુનમનો મેળો રદ કરાયો પરંતુ અનેક ભક્તોએ અગાઉ જ પગપાળા પહોંચી જઈ માં ના ધામમાં શિશ ઝૂકાવી પોતાની બાધા અને ટેક પૂરો કર્યો હતો. આ વર્ષે સંભવિત છે કે ભાદરવી પુનમનો મેળો રદ થાય તો દર્શનથી વંચિત રહી જવાય તેવી અંદેશા સાથે દક્ષિણ અને મધ્ય ગુજરાતના પદયાત્રીઓ જય જય અંબેના જયઘોષ સાથે અંબાજી તરફ પ્રયાણ કરી રહ્યા છે. અનેક પગપાળા સંઘો રથ સાથે બાયડ, ધનસુરા, માલપુર, ભિલોડા, હિંમતનગર અને ઈડર તાલુકાના માર્ગેથી અંબાજી તરફ જય જયઘોષ સાથે આગળ વધી રહ્યા છે. ક્યારેક આકરો તાપ, અસહ્ય બફારો અને ક્યારેક ઝરમરીયો વરસાદ જાણે કે માં ના ભક્તોની પરીક્ષા લેતો હોય તેવા દ્રશ્યો પણ ઠેકઠેકાણે જોવા મળ્યા છે. પગપાળા જતા યાત્રિકોમાં અનેરી આસ્થા જોઈને નાસ્તિક લોકો પણ દંગ થઈ ગયા છે. જો ભાદરવી પુનમનો મહામેળો રદ નહીં થાય તો આવતા સપ્તાહથી જિલ્લાના અંબાજી તરફ જતા માર્ગો ઉપર પદયાત્રીઓની માનવ સાંકળ રચાવવાની સંભાવના છે.

ગુજરાત અને ભારત દેશમાં દેવી-દેવતાઓ પ્રત્યેની અતૂટ આસ્થાનો કોઈ તોટો નથી. ગમે તેવી વિપરીત પરિસ્થિતિ હોય તો પણ માં ના ભક્તો કોઈપણ પ્રકારના ડર વગર દર્શન માટે જતા હોય છે. ૪ વર્ષ અગાઉ ભાદરવી પુનમના મેળા

પ્રાંતિજના તાજપુર ખાતે બાઈકચાલકે આધેડને ટક્કર મારતા આધેડનુ સારવાર દરમિયાન મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર ખાતે બાઈક ચાલક ફુલફાસ્ટ હંકારી લાવી રોડની સાઈડમા ચાલતા જતા આધેડને ટક્કર મારી નીચે પાડી ઈજાઓ પહોચાડી બાઈક લઈને ભાગી ગયો હતો તો આધેડનુ સારવાર દરમ્યાન મોત નિપજયુ હતુ.

પ્રાંતિજના તાજપુર ગામે તાજપુર ગામનાજ બાબુભાઈ ગોપાલભાઈ ચૌધરી ઉ.વર્ષ.૭૦ કે જેવો રોડ ઉપર સાઈડમા ચાલતા જઈ રહ્યા હતા તે દરમ્યાન અચાનક એક બાઈક સવાર પોતાનુ બાઈક નંબર-જી.જે.૧૮. સીએમ. ૪૯૬૬ ફુલફાસ્ટ પુરઝડપે બેદરકારી અને ગફલત ભરી રીતે હંકારી લાવી રોડની સાઈડમા જઈ રહેલ બાબુભાઈ ગોપાલભાઈ ચૌધરીને પાછળથી ટક્કર મારી નીચે પાડી દઈ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોચાડી ભાગી ગયો હતો તો ઈજાગ્રસ્ત આધેડને આજુબાજુમાંથી દોડી આવેલ લોકો દ્વારા સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા. જયા સારવાર દરમ્યાન બાબુભાઈ ગોપાલભાઈ ચૌધરી ઉ.વર્ષ-૭૦ રહે.તાજપુર ગામ તા.પ્રાંતિજ, સાબરકાંઠાનુ સારવાર દરમ્યાન મોત નિપજતા આ અંગે ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા મૌલિક કુમાર રામાભાઈ ચૌધરી ઉ.વર્ષ-૨૦ ધંધો ખેતી રહે.તાજપુર દ્વારા કરવામા આવતા પ્રાંતિજ પોલીસ દ્વારા બાઈક નંબર ઉપરથી અજાણ્યા બાઈક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

પુષ્પ વંદના અને સફાઇ કાર્યક્રમ

ગુજરાત રાજ્ય નાં સંવેદન શીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પ્રેરણાથી અને ડૉ. જીગરભાઈ ઈનામદારના કુશળ નેતૃત્વ હેઠળ ઝોન સંયોજક બીપીનભાઈ ઓઝા ની સુચના મુજબ તેમજ જિલ્લા સંયોજક મીનાબેન પટેલના માર્ગદર્શન મુજબ દર મહિનાની પહેલી તારીખે આ કાર્યક્રમ કરવામાં આવે છે. ત્યારે આજ રોજ અરવલ્લી જિલ્લાની સ્વામી વિવેકાનંદ જી,ભારતમાતા,સરદાર વલ્લભભાઈ પટેલ,ડૉ. બાબાસાહેબ આંબેડકર, શહીદની પ્રતિમા આવેલી હોઈ ત્યારે તે પ્રતિમાને સાફ સફાઈ, કંકુ તિલક કરીને પુષ્પવંદના કાર્યક્રમ કરવામાં આવ્યો.તેમજ આ કાર્યક્રમમાં પાર્ટીના કાર્યકર્તાઓ,આગેવાનો,વડીલો,જિલ્લા સંયોજક,તેમજ નગર અને તાલુકા સંયોજકો સહિત યુવા કેન્દ્ર ના યુવાનો દ્વારા આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો

રક્તદાન
મહાદાન

ભિલોડામાં વરસાદી માહોલ વચ્ચે વીજળીના કડાકા અને ભડાકા સાથે વરસાદ વરસ્યો

આફતરૂપી વરસાદ વરસ્યો : કુદરતી રીતે વીજળી ત્રાટકતાં વીજ ઉપકરણો બળ્યા : પ્રજાજનોને મોટાપાયે નુકસાન સહન કરવાનો વારો

ભિલોડા,તા.૦૧

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં આ વર્ષે વરસાદ ખેંચાતા ખેડુતો અને પ્રજાજનો ચિંતાતુર જોવા મળતા હતા.અડધું ચોમાસું પુર્ણ થયા બાદ વરસાદી માહોલ વચ્ચે કુદરતી રીતે કડાકા અને ભડાકા સાથે - સાથે વીજળી ત્રાટકતાં પ્રજાજનો ગભરાયા હતા.

ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા રહેણાંક વિસ્તારમાં આવેલ સંસ્કાર સોસાયટી અને અર્બુદાનગર સહિત આજુ-બાજુના વિસ્તારોમાં કુદરતી રીતે વીજળી ત્રાટકતાં તુલસીભાઈ મુળજીભાઈ પાટીદાર,મુકેશભાઈ ખુમાભાઈ પટેલ,પુંજાભાઈ સવજીભાઈ પટેલ સહિત અનેક રહેવાસીઓના મકાનોમાં સ્ટોરેજ પાણીની ટાંકી,ટીવી,કેબલનું સેટ અપ બોક્ષ,વાઈ-ફાઈનું કનેકટર,સીલીંગ પંખા સહિત વીજ ઉપકરણો બળી ગયા હોવાના કારણે પ્રજાજનોને મોટા પાયે નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ
નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુત : ।।2-23।।

મા તમારા વિના સુનુ છે
ઘરનું આંગણ, તમારો પ્રેમ અમારા રોમે રોમમાં અવિરત રહેશે.
ભગવાન શ્રી સ્વામીનારાયણ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ હૃદયના ઊંડાણથી પ્રાર્થના.
અ. નિ. રમાબેન કેશવભાઈ પટેલ
સ્વ. તા. ૦૨/૦૯/૨૦૧૫, બુધવાર
મુ. પો. રડોદરા, તા. બાયડ, જિ. અરવલ્લી
શોકાતુર
અ. નિ. કેશવભાઈ જોઈતાભાઈ પટેલ
કુ. શીતલબેન કેશવભાઈ પટેલ | ચેતનકુમાર કેશવભાઈ પટેલ | અ.નિ. કોદરભાઈ જોઈતાભાઈ પટેલ
નિલેશકુમાર પ્રવીણભાઈ પટેલ | નિશાબેન ચેતનકુમાર પટેલ | ગં. સ્વ. જેલીબેન કોદરભાઈ પટેલ
ચાંદનીબેન નિલેશકુમાર પટેલ | વ્યોમ ચેતનકુમાર પટેલ | વિનુભાઈ કોદરભાઈ પટેલ
દેવશ્રી નિલેશકુમાર પટેલ | વૃધા ચેતનકુમાર પટેલ | પ્રેમીલાબેન વિનુભાઈ પટેલ
તનય નિલેશકુમાર પટેલ | શ્રીયા ચેતનકુમાર પટેલ | બિપીનકુમાર કોદરભાઈ પટેલ
ચેતનાબેન બિપીનકુમાર પટેલ
તથા સમસ્ત વાઘાવત પરિવાર...
ફર્મ : સહજાનંદ કન્સ્ટ્રકશન, વલ્લભવિદ્યાનગર